# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-02-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છના નાના રણમાં અનોખી પહેલ

કચ્છના નાના રણ વિસ્તારમાં જળ અને જમીન સંરક્ષણ થકી વન્યજીવ સૃષ્ટિનું સંવર્ધન કરાશે. વન વિભાગની નવતર પહેલ અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, નાના રણ વિસ્તારમાં વન્યજીવોના સંરક્ષણ, સંવર્ધન અને પર્યાવરણીય સંતુલન જાળવવા માટી–ભેજ સંરક્ષણ સંબંધિત કામગીરી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત અંદાજે એક કિલોમીટરના વિસ્તારમાં ત્રણ જેટલા વિશેષ પ્રકારના પાળા તૈયાર થઈ રહ્યા છે. તેમાં ભવિષ્યમાં વધારો કરાશે.

આ કામગીરીના પરિણામે ચોમાસામાં વહી જતા અંદાજે એક કરોડ 35 લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થશે અને શિયાળા સુધી વન્યપ્રાણીઓને કુદરતી રીતે પીવાનું પાણી મળશે. આગામી બીજા અને ત્રીજા વર્ષથી આ પાણી પીવાલાયક બનશે, જે રણના શુષ્ક વાતાવરણમાં જીવસૃષ્ટિ માટે અમૃત સમાન સાબિત થશે તેમ પણ શ્રી મોઢવાડિયાએ ઉમેર્યું.

----------------------------------------------------------------------------

## રણભૂમિ દર્શન કાર રેલીનું ધોળાવીરામાં સ્વાગત

ભારતીય સેનાની આર્ટિલરી રેજિમેન્ટના 200મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે આયોજિત 'રણભૂમિ દર્શન કાર રેલી'નું ધોળાવીરા ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વારકાથી તેલંગાણાના રાજ્યપાલ દ્વારા પ્રસ્થાન કરાવેલી આ રેલીમાં ભારતીય નૌકાદળ અને સીમા સુરક્ષા દળ પણ સહભાગી થયા છે.

ગુજરાત અને રાજસ્થાનની **3,400** કિમી લાંબી પશ્ચિમી સરહદ પર ફરનારી આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય શહીદોને શ્રદ્ધાંજલિ આપવા સાથે સરહદી લોકો અને ભૂતપૂર્વ સૈનિકોમાં રાષ્ટ્રીય કૃતજ્ઞતા જગાડવાનો છે. ધોળાવીરાના સરપંચ અને **BSF** ના અધિકારીઓની ઉપસ્થિતિમાં ફ્લેગ ઓફ થયા બાદ સૈનિકોએ હડપ્પન મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ રેલીનું સમાપન દિલ્હીના નેશનલ વોર મેમોરિયલ ખાતે થશે.

---------------------------------------------------------------------------

## ગાંધીધામ શહેરનો સ્થાપના દિવસ

ગાંધીધામ શહેરનો **78**મો સ્થાપના દિવસ ગાંધીધામ મહાનગરપાલિકા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે ઉત્સાહભેર ઉજવવામાં આવશે. આવતીકાલે સવારે  આદિપુરમાં ભાઈ પ્રતાપ દિયલદાસની સમાધિ અને ત્યારબાદ મહારાજ મદનસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે. ગાંધીધામ સ્થાપના દિન નિમિત્તે આજે અને આવતીકાલે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------

## ઝારા ડુંગર-લખપત કિલ્લાનો વિકાસ કરાશે

કચ્છના ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોને વેગ આપવા રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ઝારા ડુંગર અને લખપત કિલ્લાના વિકાસ માટે રૂ. **20** કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ પ્રોજેક્ટના આયોજન માટે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ઝારા ડુંગર, લખપત કિલ્લા અને ગુરુદ્વારાની મુલાકાત લઈ વિકાસકાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. ધારાસભ્યશ્રીએ લખપત કિલ્લાની ધરોહર જાળવવા અને કસ્ટમ હાઉસના રક્ષણ માટે સૂચનો કર્યા હતા

---------------------------------------------------------------------------

## બોર્ડની પરીક્ષા અંગે માર્ગદર્શન

બોર્ડની પરીક્ષાઓ નજીક આવી રહી છે ત્યારે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા અને તેમને યોગ્ય દિશાનિર્દેશ આપવા માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરાઇ છે. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે માહિતી આપતા જણાવ્યૂ કે આવતીકાલે ભુજની આરડી વરસાણી સ્કુલ ખોત પરીક્ષા વર્કશોપનું આયોજન કરાયું છે. સવારે 9થી 11 દરમિયાન યોજાનારા આ કાર્યકરમમાં સ્વામી પ્રદીપ્તાનંદજી ઉપસ્ત રહી વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવમાંથી મુક્ત થઇ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા કરવા માટે પ્રેરણા પૂરી પાડશે.

----------------------------------------------------------------------------

## જિલ્લા કક્ષાનો આયુષ મેળો

કચ્છ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા આવતીકાલે નલિયાની કચ્છી રાજપૂત સમાજવાડી મધ્યે જિલ્લા કક્ષાનો આયુષ મેળો આયોજિત કરવામાં આવ્યો છે. સવારે સાડા નવ વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી ચાલનારા આ મેળાનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને અને સાંસદ વિનોદભાઈ ચાવડાની મુખ્ય ઉપસ્થિતિમાં થશે.

આ મેળામાં નિ:શુલ્ક આયુર્વેદ અને હોમિયોપેથી સારવાર કેમ્પ, પંચકર્મ, રક્તમોક્ષણ અને બાળકો માટે સુવર્ણપ્રાશન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. આ ઉપરાંત ઔષધીય વનસ્પતિ પ્રદર્શન, પૌષ્ટિક વાનગી પ્રદર્શન અને યોગ નિદર્શન જેવા જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજાશે. જિલ્લા આયુર્વેદ અધિકારીએ અબડાસા પંથકની જનતાને આ મેળાનો બહોળો લાભ લેવા અનુરોધ કર્યો છે.

----------------------------------------------------------------------------

## મારવાડ હોર્શ શો

રાજસ્થાનના જોધપુર ખાતે આયોજિત પ્રતિષ્ઠિત ‘મારવાડ હોર્સ શો’માં ગાંધીધામના અશ્વ 'શિવાલિકે' રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધાર્યું છે. દેશભરના 200થી વધુ શ્રેષ્ઠ મારવાડી અશ્વો વચ્ચે શિવાલિકે 'મિલ્ક ટીથ કોલ્ટ' કેટેગરીમાં પોતાની ઉત્તમ વંશાવળી અને ગતિશીલતાનું પ્રદર્શન કર્યું હતું.

**નોંધનીય છે કે, પુણે બાદ જોધપુરમાં પણ પ્રથમ ક્રમ મેળવી શિવાલિકે એક જ મહિનામાં બે રાષ્ટ્રીય એવોર્ડ જીતવાનો અનોખો કીર્તિમાન સ્થાપિત કર્યો છે**

**-----------------------------------------------------------------------------------------------**

## <u>શક્કરટેટ્ટીનું ઉત્પાદન</u>

**પશ્ચિમ કચ્છના નખત્રાણા પંથકમાં ખેડૂતોએ કુદરતી આફતો વચ્ચે શિયાળુ સક્કરટેટીનું વિપુલ ઉત્પાદન મેળવી નવી રાહ ચીંધી છે. સાંગનારા અને ધાવડા ગામના ખેડૂતોએ આધુનિક માવજત અને યોગ્ય ખાતર-દવાના ઉપયોગથી શિયાળામાં ગુણવત્તાયુક્ત ટેટી પકાવી છે.**

**-----------------------------------------------------------------------------------------------**